# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

***************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ NXT કોન્કલેવને સંબોધતા કહ્યું કે, આજે વિશ્વભરના લોકો ભારતને જાણવા માંગે છે.**

2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મણીપુર સુરક્ષા સ્થિતિની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે.**

3) **કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનની પુનઃ વિકાસ કામગીરીની સમીક્ષા કરી.**

4) **1 ઓક્ટોબર, 2023 ના રોજ અથવા તે પછી જન્મેલા પાસપોર્ટ અરજદારો માટે, જન્મ-પ્રમાણપત્ર જ જન્મ તારીખના એકમાત્ર પુરાવા તરીકે માન્ય રહેશે.**

5) **ઉતરાખંડમાં હિમસ્ખલન બાદ બચાવ કામગીરી તીવ્ર બનાવાઈ– 47 કામદારોને બચાવી લેવાયા.**

6) **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા – યુક્રેન વચ્ચે તાત્કાલિક યુદ્ધ વિરામ માટે હાકલ કરી.**

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.-PM-NXT-CONCLAVE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિશ્વ ભારત તરફ આતુરતાથી જોઈ રહ્યું છે. આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે NXT કોન્ક્લેવ 2025 ને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિશ્વભરના લોકો ભારતને  જાણવા માંગે છે.

## (BYTE: MODI ON INDIA )

તેમણે પ્રયાગરાજમાં સંપન્ન થયેલા મહાકુંભ અંગે બોલતા કહ્યું કે......

## (BYTE: MODI ON MAHAKUNBH )

પ્રધાનમંત્રીએ કહ્યું, તેમણે દેશ સમક્ષ 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ'નું વિઝન મૂક્યું હતું અને આજે આ વિઝન વાસ્તવિકતામાં ફેરવાઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, હવે આયુષ ઉત્પાદનો અને યોગ સ્થાનિકમાંથી વૈશ્વિક બની ગયા છે. તેમણે  કહ્યું કે, ભારત  હવે માત્ર કાર્યબળ નથી રહ્યું પરંતુ વિશ્વ શક્તિ બની રહ્યું છે. દેશ ઉત્પાદનો નિકાસ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યો છે. જે ખેડૂતો એક સમયે સ્થાનિક બજારો સુધી મર્યાદિત હતા તેઓ હવે તેમના પાકને વૈશ્વિક બજારોમાં પ્રવેશ આપી રહ્યા છે

પ્રધાનમંત્રીએ નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે લઘુત્તમ સરકાર-મહત્તમ શાસનના મંત્રને આભારી ગણાવ્યો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ  પર, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતના યુવાનો અમારી ટોચની પ્રાથમિકતા છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોથી આગળ વિચારવાની તક આપી છે.

# PM-AGRICULTURE-WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આ વર્ષના કેન્દ્રીય બજેટનો ઉદ્દેશ્ય કૃષિ ક્ષેત્રને વધુ સ્થિતિસ્થાપક અને સમૃદ્ધ બનાવવાનો છે. આજે કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ પર બજેટ પછીના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધવાનો ભારતનો સંકલ્પ ખૂબ જ સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે, કૃષિને વિકાસનું પ્રથમ એન્જિન માનીને, સરકારે ખેડૂતોને ગૌરવનું સ્થાન આપ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારે કેન્દ્રીય બજેટમાં 'પીએમ ધન ધન્ય કૃષિ યોજના'ની જાહેરાત કરી છે જે હેઠળ દેશમાં સૌથી ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા 100 જિલ્લાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના ગુજરાતના બે દિવસના પ્રવાસ અંતર્ગત આજે કચ્છના ધોળાવીરા પહોંચ્યા છે. ધોળાવીરા હેલિપેડ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયાએ તેમનું સ્વાગત કર્યું હતું. શ્રીમતિ મુર્મુએ આજે ધોળાવીરા વર્લ્ડ હેરિજેટ સાઇટની મુલાકાત લીધી હતી. અને પ્રાચીન માનવ સભ્યતાના તબક્કાવાર વિકાસ તેમજ શ્રેષ્ઠ નગર આયોજન વિષે માહિતી મેળવી હતી.

# HM---MANIPUR-MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મણિપુરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. શ્રી શાહની અધ્યક્ષસ્થામાં યોજાયેલી બેઠકમાં નવી દિલ્હીમાં મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા અને રાજ્ય સરકાર અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત છે. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા પછી આ પહેલી છે.

# ASHWINI VAISHNAW

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે અમદાવાદ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી અને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું.

મીડિયાને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે જાહેર સૂચનોના આધારે, સ્ટેશનની ડિઝાઇનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રવેશદ્વારમાં ગુજરાતના સાંસ્કૃતિક પ્રતીક 'તોરણ' જેવી મુખ્ય વિશેષતાઓ શામેલ કરાશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ માટે સૌથી આધુનિક માળખાકીય બાંધકામ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે આગામી સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ થશે.

## (બાઇટ- અશ્વિની વૈષ્ણવ)

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં ૯૭ ટકા રેલ્વે લાઇનનું વીજળીકરણ કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં ૧૦૦ ટકા રેલ્વે લાઇનનું વીજળીકરણ કરવામાં આવશે. ગુજરાતના વિકાસ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા તેમણે કહ્યું કે ગુજરાતને રેલ્વે વિકાસ માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયાનું રેકોર્ડ બજેટ ફાળવવામાં આવ્યું છે.

શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, દાહોદ ખાતે રેલવે એન્જિન ઉત્પાદન પ્લાન્ટનું કામ પૂર્ણ થવાના આરે છે અને ટૂંક સમયમાં તેનું ઉદ્ઘાટન કરવામાં આવશે. તેઓ દાહોદમાં ટ્રેક બાંધકામ બેઝ, આણંદ હાઇ-સ્પીડ રેલ્વે સ્ટેશન અને લોકોમોટિવ રોલિંગ સ્ટોક વર્કશોપના ચાલી રહેલા કાર્યનું નિરીક્ષણ પણ કરશે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GOVT-PASSPORT-RULES

કેન્દ્ર સરકારે પાસપોર્ટ સંબંધિત નિયમોમાં સુધારો કર્યો છે. નવા નિયમો મુજબ, 1 ઓક્ટોબર, 2023 ના રોજ અથવા તે પછી જન્મેલા પાસપોર્ટ અરજદારો માટે, યોગ્ય અધિકારીઓ દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર જ જન્મ તારીખનો એકમાત્ર પુરાવો માન્ય રહેશે. પાસપોર્ટ નિયમો-1980માં સુધારો જારી કરવા માટે એક સત્તાવાર સૂચના જારી કરવામાં આવી છે.

નવા નિયમો અનુસાર, જન્મ અને મૃત્યુ નોંધણી અધિકારી, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, 1969 હેઠળ અન્ય કોઈપણ સત્તાધિકારી દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર, 1 ઓક્ટોબર, 2023 ના રોજ અથવા તે પછી જન્મેલા વ્યક્તિઓ માટે જન્મ તારીખના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે. અન્ય અરજદારો જન્મ તારીખના પુરાવા તરીકે ડ્રાઇવિંગ લાઇસન્સ, પાન કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જેવા અન્ય વૈકલ્પિક દસ્તાવેજો સબમિટ કરી શકે છે.

# UTTARAKHAND--AVALANCHE

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માના ગામ નજીક થયેલા ભારે હિમસ્ખલન બાદ બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવામાં આવી છે.

કુલ 55 કામદારો બરફ નીચે ફસાયા હતા, જેમાંથી 47 કામદારોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે બાકીના આઠ કામદારોને શોધવાના પ્રયાસો ચાલુ છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી જોશીમઠ જઈ બચાવ કામગીરીનું નિરીક્ષણ કરશે અને જરૂરી સૂચનાઓ આપશે.પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ અને ભારે હિમવર્ષા છતાં, ITBP, આર્મી અને BRO ની ટીમો બચાવ કામગીરી હાથ ધરવા માટે અવિરતપણે કામ કરી રહી છે.

ચાર ઘાયલ કામદારોને ITBP આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી કાર્યાલય પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે, જિલ્લા વહીવટીતંત્રને શક્ય તમામ સહાય સુનિશ્ચિત કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાલી રહેલા બચાવ પ્રયાસોની સમીક્ષા કરવા માટે મુખ્યમંત્રી ધામી સાથે ફોન પર વાત કરી અને કેન્દ્ર દ્વારા તમામ શક્ય સહાય ની ખાતરી આપી .

ઉલ્લેખનીય છે કે ગઈકાલે, ભારે હિમપ્રપાતમાં 55 કામદારો બરફ નીચે ફસાયા હતા.

# TELANGANA-TUNNEL-RESCUE-OPERATION

તેલંગાણામાં ટનલમાં ફસાયેલા લોકોને બચાવવા માટે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલી રહી છે.

નાગરકુર્નૂલ જિલ્લા મેજિસ્ટ્રેટ બદાવત સંતોષે મીડિયાને જણાવ્યું કે, 11 ટોચની એજન્સીઓ બચાવ કામગીરીમાં રોકાયેલી છે. ઉલ્લેખનીય છે કે ગયા શનિવારે, ટનલની છતનો એક ભાગ તૂટી પડતાં આઠ લોકો ફસાયા હતા.

# J-K--WEATHER

હવામાન વિભાગે ૩ માર્ચ સુધી જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. વિભાગે કહ્યું કે  આગામી બે દિવસ કેટલાક સ્થળોએ હળવો વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે.

પ્રવાસીઓ, મુસાફરો અને પરિવહનકારોને મુસાફરી મુલતવી રાખવા અને વહીવટી અને ટ્રાફિક સલાહનું પાલન કરવા સલાહ અપાઈ છે . ખેડૂતોને સિંચાઈ અને અન્ય કૃષિ કામગીરી મુલતવી રાખવાની સલાહ આપવામાં આવી  છે. ઊંચા વિસ્તારોમાં હિમપ્રપાતની શક્યતા પણ  વ્યક્ત કરાઇ છે

# TRUMP-ON-ZELENSKY---PUTIN REACTIONS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા-યુક્રેન વચ્ચે તાત્કાલિક યુદ્ધવિરામ માટે  હાકલ કરી છે અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને શાંતિ સ્થાપિત કરવા અથવા અમેરિકાનું સમર્થન ગુમાવવાની ચેતવણી આપી છે. યુક્રેન-રશિયા યુદ્ધવિરામના માર્ગ પર બંને નેતાઓ વચ્ચે ઉગ્ર ચર્ચા બાદ આ નિવેદન આવ્યું છે.

ગઈકાલે રાત્રે વોશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસ ખાતે એક બેઠક દરમિયાન અમેરિકા અને યુક્રેન વચ્ચે દુર્લભ ખનિજો અને સુરક્ષા ગેરંટી અંગેના કરાર પર હસ્તાક્ષરની વાટાઘાટો પડી ભાંગી હતી.

બાદમાં પત્રકારો સાથે વાત કરતા, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તેઓ માને છે કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન શાંતિ કરાર માટે તૈયાર છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી શાંતિ ઇચ્છતા નથી.

અગાઉ, રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી પર લાખો લોકોના જીવ જોખમમાં મૂકવાનો આરોપ મૂક્યો હતો અને ચેતવણી આપી હતી કે તેમનું  પગલુ  ત્રીજા વિશ્વ યુદ્ધ તરફ દોરી શકે છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને કહ્યું કે યુદ્ધના ઉકેલ માટે વાતચીતમાં રાષ્ટ્રપતિ પુતિન સાથે કોઈ સમાધાન ન થવું જોઈએ. તેમણે કહ્યું કે યુક્રેન રશિયા સાથે શાંતિ મંત્રણામાં ભાગ લેશે નહીં જ્યાં સુધી તેને ભવિષ્યમાં હુમલો ન કરવાની ગેરંટી ન મળે. દરમિયાન અમેરિકા અને યુક્રેન વચ્ચે વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ યુરોપિયન નેતાઓએ યુક્રેનને સમર્થન આપ્યું છે. જર્મની, સ્વીડન, નોર્વે, લાતવિયા, ચેક રિપબ્લિક, લિથુઆનિયા, ફ્રાન્સ, સ્પેન, યુક્રેન અને પોલેન્ડના વડાઓને ઝેલેન્સકીને ટેકો આપ્યો છે.